CSIR In Media
A Daily News Bulletin





# Ostrich farming rich in commercial value

**CSIR-CLRI**

**Every part of the bird can be converted into a product**

The hurly burly of the Grand Southern Trunk (GST) road suddenly disappears as if by magic and an endless stretch of greenery begins. A flock of ostriches running hither and thither takes you to another world.

The ostrich farming experiment at the Post Graduate Research Institute in Animal Sciences of the Tamil Nadu Veterinary and Animal Sciences University at Kattupakkam offers clear answers to the many unanswered questions to the failure of emu farming in the state.

"When it comes to ostrich and emu, you cannot rear them just for meat and egg. They have a market potential and every part of these birds can be converted into a commercial value added product," said C. Pandian, Assistant Professor of the research institute, who has done his doctoral thesis on the bird.

The research centre imported 100 South African birds in 2000 from Malaysia and they have adapted themselves to the Indian conditions. It has a modern hatchery.

Even though scientists at the centre had made many achievements in ostrich farming, including semen collection and artificial insemination, farming so far has not been converted into full-fledged commercial activity.

“We are selling the birds to zoos across the country. The birds offer high quality leather. Recently, we have started producing leather goods using the skin of the bird and the processing is done by the Central Leather Research Institute (CLRI). Stitching is done outside,” said V. Ramesh Saravanakumar, director of the institute.

The institute slaughters a bird once a month and the meat is sold for Rs. 200 per kg. It also sells unfertilized eggs for cooking purposes and one egg costs Rs. 150. Empty egg shells are used for decorative purposes and feathers are used for making dolls and brushes for cleaning computer peripherals.

**Medicinal value**

“Molecules in the oil extracted from the fat of the bird are found to have anti-inflammatory analgesic properties and it is used to treat joint pain, arthritis and skin disorders,” said Mr. Pandian.

http://www.thehindu.com/news/cities/chennai/ostrich-farming-rich-in-commercial-value/article8785793.ece

B. KOLAPPAN | June 29, 2016



# Dr. Harsh Vardhan’s visit to CSIR-CSMCRI

## CSIR-CSMCRI



આપ વાંચી રહ્યાં છો દેશનાં સૌથી વિશ્વસનીય અને સૌથી મોટા અખબારી જૂથ દિવ્ય ભાસ્કર ગ્રુપનું દૈનિક
સૌરાષ્ટ્ર સમાચાર
કુલ પાનાં 24 + 8 (રસરંગ) = 32 ગુજરાત કિંમત ₹ 5.00, વર્ષ 52, અંક 309, મહાનગર
ભાવનગર, રવિવાર, 26 જૂન, 2016 જેઠ વદ-6, વિક્રમ સંવત 2072

વૃક્ષ એક, ફાયદા અનેક | સેન્ટ્રલ સોલ્ટની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી ડૉ.હર્ષવર્ધન

# મંત્રીએ વૃક્ષ વાવી પૂછ્યું, જતન કોણ કરશે ?

## વૈજ્ઞાનિકોને તેમના અનુભવ જનકલ્યાણના કાર્યોમાં જોડવા ટકોર

ભાવનગર | 25 જૂન

માત્ર વૃક્ષોનું વાવેતર નહિ, ત્યારબાદ તેના જતનના અભિયાનને ટેકો આપતા કેન્દ્રીય વિજ્ઞાન મંત્રી હર્ષવર્ધને આજે ભાવનગર ખાતે દેશની ખ્યાતનામ સંસ્થા સેન્ટ્રલ સોલ્ટની મુલાકાત દરમિયાન આસોપાલવના છોડને વાવીને પાણી છાંટીને પૂછ્યું હતું કે, હવે આ વૃક્ષનું જતન કોણ કરશે ? ત્યારે જવાબ મળ્યો જયપ્રકાશ... તો તરત તેમણે કહ્યું કે, હું નામ નોંધું છું અને ફરી હું તેનું ફોલો-અપ લઈશ. વૃક્ષારોપણ બાદ જેટ્રોફા બાયોડિઝલ, પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ સહિતના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું.

### અમારા શાસનમાં લોકો ‘મોંઘવારી’ ભૂલી ગયા !

હાલમાં દેશનો મધ્યમવર્ગ અસહ્ય મોંઘવારીથી પીડાય રહ્યો છે ત્યારે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, અમારા શાસનમાં લોકો ‘મોંઘવારી’ શબ્દ જ ભૂલી ગયા છે. સર્કિટ હાઉસ ખાતે સાંજે તેમણે યોજેલી પત્રકાર પરિષદમાં વધેલી મોંઘવારી વિષે પૂછતાં તેમણે આવો જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, બાજપાઈ અને મોદી સરકાર એ બંનેમાં લોકોને મોંઘવારી ક્યાંય પણ જોવા મળી નથી.

### મીઠી વિરડી પ્રોજેક્ટનું સ્થળ હજુ અનિર્ણીત

ભાવનગરથી 45 કિ.મી. દૂર મીઠીવિરડી ગામે બનનારો અણુવિદ્યુત મથકનો પ્રોજેક્ટ આંધ્રપ્રદેશમાં ખસેડાયો હોવાનું હજુ નક્કી નથી તેમ રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવિયાએ પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી. હજુ સ્થળ અંગે અનિર્ણીતતા છે.

સમગ્ર નિરીક્ષણ કરી લીધા પછી સીએમસીઆરઆઈના 85 વૈજ્ઞાનિકો, 230 રિસર્ચ સ્કોલર્સને સંબોધન કરતાં હર્ષવર્ધન બોલ્યા કે, વૈજ્ઞાનિકોએ પોતાનો અનુભવ જનકલ્યાણના કાર્યોમાં જોડવો જોઈએ. જો તેઓ દિલથી આ રીતે જોડાશે તો લોકોની ઘણી બધી સમસ્યાઓ દૂર થઈ શકે છે. ડિરેક્ટર ડો.અમિતાવ દાસે પ્રેઝન્ટેશન આપ્યું હતું અને સમગ્ર મુલાકાત દરમિયાન સંસદ સભ્ય ભારતીબેન શિયાળ અને પૂર્વ સંસદ સભ્ય રાજુભાઈ રાણા સાથે રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાત રાજ્યને મળેલા 1600 કિલોમીટર લાંબા દરિયા કિનારાને કારણે તેમાંથી મળતા વિપુલ પ્રમાણમાં મીઠા ઉપર અહીં વૈજ્ઞાનિકો દ્વારા અભ્યાસો ચાલી રહ્યાં છે. આ અવસરે ડો.હર્ષવર્ધને ટકોર કરી હતી કે આ સંસ્થાનું ઉદ્ઘાટન જવાહરલાલ નહેરૂએ કરેલું પણ આ ભૂમિ નરેન્દ્ર મોદીની છે.

ુજરાત સમાચાર

તા. ૨૬-૬-૨૦૧૬

૨૦૬, લક્ષ્મીનારાયણ કોમ્પ્લેક્ષ, ભીડ ભંજન મંદિર સામે, ભાવનગર, ફોન: ૨૪૩૦૫૫૫, ૨૪૩૦૭૭૭



કેન્દ્રના વિજ્ઞાન અને ટેકનોલોજીના મંત્રી ડો.હર્ષવર્ધને શનિવારે ભાવનગરના પ્રવાસ દરમિયાન સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (સી.એસ.એમ.સી.આર.આઈ.)ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સોલ્ટના ડિરેક્ટર ડો.અમિતાવ દાસે તેમનું સ્વાગત કરી ઈન્સ્ટીટ્યુટની કાર્યપ્રણાલીનું પ્રેઝન્ટેશન કર્યું હતું. મંત્રીએ સોલ્ટ રીસર્ચના તમામ વિભાગ, લેબોરેટરીની મુલાકાત લઈ જેટ્રોફા બાયોડિઝલ અને પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. (તસ્વીર: કુંદન મકવાણા)

સિટી સંદેશ

BHAVNAGAR SUND

ભાજપાનું વિકાસપર્વ સંમેલન

# મીઠાનો દવા તરીકે કઈ રીતે ઉપયોગ થઈ શકે તેનું સંશોધન જરૂરી: હર્ષવર્ધન



**■ કેન્દ્રીય ટેકનોલોજી મંત્રી ડો.હર્ષવર્ધને ભાવનગર સેન્ટ્રલ સોલ્ટની મૂલાકાત લીધી**

ભાવનગર, તા.૨૫

ભાવંનગરની સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટની મુલાકાતે આવેલાં કેન્દ્રીય સાયન્સ અ; ટેકનોલોજીમંત્રી ડો.હર્ષવર્ધને જણાવ્યું હતું કે, ૯૫૪માં અસ્તિત્વમાં આવેલી આ ઈન્સ્ટીટ્યૂટ સમય જતા પ્રગતિના શિખરો સર કરવા લાગી છે. સેન્ટ્રલ સોલ્ટની તમામ પ્રકારે સુંદર કામગીરી છે ત્યારે નમક એટલે કે મીઠું જુદી જુદી બિમારીઓમાં દવા તરીકે કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તેના પર સંશોધન થવું જોઈએ. તેમણે ઉપસ્થિત વૈજ્ઞાનિકો તથા સંશોધનકર્તા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે રૂટીન કામ કરવાની સાથે સાથે ઈનોવેટીવ આઈડીયાનું ઈમ્પ્લીમેન્ટેશન કરવાથી લોક સુખાકારીમાં વધારો કરી શકાય છે.

તેમણે ૧૦ વર્ષ સુધી વિશ્વ આરોગ્ય સંસ્થાના સલાહકાર તરીકે કામગીરી કરી હોવાની વાત પણ જણાવી અને ઉમેર્યુ હતું કે તેઓ કેન્દ્ર સરકારમાં વિજ્ઞાન વિભાગનો હવાલો સંભાળી રહેવાથી નિષ્પક્ષ રીતે કહી શકાય કે વૈજ્ઞાનિક પોતાનો અનુભવ જનકલ્યાણના કાર્યોમાં દિલથી જોડે તો દેશના લોકોની સમસ્યા દૂર થઈ શકે.

સી.એસ.આઈ.આર. ભાવનગરની ટીમ મહેનતુ હોવાનું જણાવી તેઓએ છેલ્લાં દોઢ વર્ષમાં દેશની વિજ્ઞાનલક્ષી કુલ લેબોરેટરીઓમાંથી ૯૦ ટકા લેબોરેટરીથી જાતે મુલાકાત લઈ અને જાત માહિતી મેળવી છે. આ પ્રસંગે સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયુ હતુ. તેમજ સેન્ટ્રલ સોલ્ટના ડીરેક્ટર ડો.અમીતાવ દાસે તેમનું સ્વાગત કરવાની સાથે સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટની કાર્ય પ્રણાલીનું પ્રેઝન્ટેશન કર્યુ હતું.

આ મુલાકાત પ્રસંગે ભાવનગર સાંસદ ડો. ભારતીબેન શિયાળ, માજી સાંસદ રાજેન્દ્રસિંહ રાણા, લાયેઝન અધિકારી ચુડાસમા, સેન્ટ્રલ સોલ્ટના અધિકારીઓ, વૈજ્ઞાનિકો તથા સંશોધનકર્તા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

Jun 28, 2016

# કેન્દ્રિય વિજ્ઞાન મંત્રી સેન્ટ્રલ સોલ્ટની મુલાકાતે



(આજકાલ ફોટો : હર્ષ સંઘવી)

ભાવનગરની મુલાકાતે આવેલા કેન્દ્રિય વિજ્ઞાન મંત્રી હર્ષવર્ધનએ શહેરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ રીસર્ચ સેન્ટરની મુલાકાત લીધી હતી અને સેન્ટરના તમામ વિભાગની જાતમાહિતી મેળવી હતી. કેન્દ્રીય વિજ્ઞાન મંત્રીની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ રીસર્ચ સેન્ટરની મુલાકાત વેળાએ મંત્રીની સાથે સાંસદ ભારતીબેન શિયાળ, સેન્ટ્રલ સોલ્ટના અધિકારીઓ સહિતનાઓએ ઉપસ્થિત રહી સવિસ્તૃત માહિતી આપી હતી.

# વૈજ્ઞાનિક પોતાનો અનુભવ જનકલ્યાણના કાર્યોમાં દિલથી જોડે : મંત્રી હર્ષવર્ધન

## મીઠાને જુદી-જુદી બિમારીઓમાં દવા તરીકે ઉપયોગમાં લઈ શકાય તે માટે સંશોધન કરવા પર ભાર મુકતા મંત્રી

આજકાલ પ્રતિનિધિ

ભાવનગર



ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યુટની મુલાકાતે આવેલાં કેન્દ્રીય સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી ડૉ. હર્ષ વર્ધને જણાવ્યું હતું કે ૧૯૫૪માં અસ્તિત્વમાં આવેલી આ ઈન્સ્ટીટ્યુટ સમય જતા પ્રગતિના શિખરો સર કરવા લાગી છે.

સેન્ટ્રલ સોલ્ટની તમામ પ્રકારે સુંદર કામગીરી છે ત્યારે નમક એટલે કે મીઠું જુદી જુદી બિમારીઓમાં દવા તરીકે કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તેના પર સંશોધન થવું જોઈએ. તેમણે ઉપસ્થિત વૈજ્ઞાનિકો તથા સંશોધનકર્તા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે રૂટીન કામ કરવાની સાથે સાથે ઈનોવેટીવ આઈડીયાનું ઈમ્પ્લીમેન્ટેશન કરવાથી લોક સુખાકારીમાં વધારો કરી શકાય છે.

તેઓએ પોતાની કારકિર્દી દરમ્યાન આરોગ્ય ક્ષેત્રે ૩૦ વર્ષ કામગીરી કરી હોવાનું જણાવ્યુ હતુ તેમણે ૧૦ વર્ષ સુધી વિશ્વ આરોગ્ય સંસ્થાના સલાહકાર તરીકે કામગીરી કરી હોવાની વાત પણ જણાવી અને ઉમેર્યું હતું કે તેઓ કેન્દ્ર સરકારમાં વિજ્ઞાન વિભાગનો હવાલો સંભાળી રહેવાથી નિષ્પક્ષ રીતે કહી શકાય કે વૈજ્ઞાનિક પોતાનો અનુભવ જનકલ્યાણના કાર્યોમાં દિલથી જોડે તો દેશના લોકોની સમસ્યા દૂર થઈ શકે. સી એસ આઈ આર ભાવનગરની ટીમ મહેનતુ હોવાનું જણાવી વધુમાં કહ્યુ હતું કે તેઓએ છેલ્લાં દોઢ વર્ષમાં દેશની વિજ્ઞાનલક્ષી કુલ લેબોરેટરીઓમાંથી ૯૦ ટકા લેબોરેટરીની જાતે મુલાકાત લઈ અને જાત માહિતી મેળવી છે. આ પ્રસંગે મંત્રીના હસ્તે સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયુ હતુ. તેમજ સેન્ટ્રલ સોલ્ટના ડીરેક્ટર ડૉ.અમીતાવ દાસે તેમનું સ્વાગત કરવાની સાથે સેન્ટ્રલ સોલ્ટ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટ્યુટની કાર્યપ્રણાલીનું પ્રેઝન્ટેશન કર્યુ હતુ ત્યારબાદ મંત્રીએ સેન્ટ્રલ સોલ્ટના તમામ વિભાગ તેમજ લેબોરેટરીની મુલાકાત લઈ કામગીરીનું જાત નિરીક્ષણ કર્યુ હતુ. જેટ્રોફા બાયોડીઝલનું નિરીક્ષણ કરવાની સાથે પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટનું પણ ચોકસાઈપૂર્વક નિરીક્ષણ કર્યુ હતુ. આ પ્રસંગે ભાવનગરના સાંસદ ડો. ભારતીબેન શિયાળ, માજી સાંસદ રાજેન્દ્રસિંહજી રાણા,લાયેઝન અધિકારી ચુડાસમા તેમજ સેન્ટ્રલ સોલ્ટના અધિકારીઓ, વૈજ્ઞાનિકો તથા સંશોધનકર્તા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

| Covered in various newspapers across India |